# AIC SURATi iLAB Foundation

[Tender Notice No. MD/SURATi iLAB/03/2019-20]

Online tender consisting of Tender Bid duly super scribed are invited from the bidder for, **Invitation for Providing House-keeping services at AIC SURATi iLAB Foundation, Rayka Circle, Udhna, Surat,** so as to reach **"Chief Accountant, Muglisara, Surat Municipal Corporation"**on or before the date mentioned below.

<table>
<tr><td>Tender Notice No.</td><td colspan="2">MD/SURATi iLAB/03/2019-20</td></tr>
<tr><td>Organization Name</td><td colspan="2">AIC SURATi iLAB Foundation</td></tr>
<tr><td>Department Name</td><td colspan="2">AIC SURATi iLAB Foundation</td></tr>
<tr><td>Name of Work</td><td colspan="2">Invitation for providing House-keeping services at AIC SURATi iLAB Foundation, Rayka Circle, Udhna, Surat</td></tr>
<tr><td>Tender Type</td><td colspan="2">(Online) Open</td></tr>
<tr><td>Bidding Currency</td><td colspan="2">Single-Indian National Rupees</td></tr>
<tr><td>Joint venture</td><td colspan="2">As per tender</td></tr>
<tr><td>Registration Class</td><td colspan="2">as per tender</td></tr>
<tr><td rowspan="5">Schedule of E-Tender</td><td>Downloading of Tender Documents</td><td>03/01/2020 to 17/01/2020 up to 18.00 hrs.</td></tr>
<tr><td>Last date of online submission of Tender documents<br><br>(tender documents, duly signed and notarized inclusive of corrigendum if any), scan copy of DD of Tender document fee along with duly filled and signed forms/Appendix with necessary supporting documents for Tender Qualification</td><td>Shall be submitted on or before Dt. 17/01/2020 up to 18.00 hrs.</td></tr>
<tr><td>Submission of (original) fee, EMD, affidavit (Appendix-VI) (Physical submission only)</td><td>Up to 24/01/2020 18.00 hrs. Chief Accountant Shri, Muglisara, Surat Municipal Corporation by R.P.A.D./ Speed Post through postal authority only in sealed cover duly super scribed with name of work and tender notice no.</td></tr>
<tr><td>Online Technical Bid opening</td><td>if possible on dt. 18/01/2020 at 12.00 hrs.</td></tr>
<tr><td>Opening of Tender Fee, EMD & Other</td><td>if possible on dt. 30/01/2020 at 12.00 hrs.</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | Documents etc. in Hard Copy | |
| | Bid validity Period | 120 days from the opening of price bid |
| | Project Completion | As mentioned in Tender documents |
| • **Payment Details** | Tender Document Fee | Rs. 800/- (Including GST) in form of Demand draft payable in favor of "AIC SURATI ILAB FOUNDATION" payable at Surat only. |
| | EMD | Rs. 2500/- in form of Demand draft payable in favor of "AIC SURATI ILAB FOUNDATION" payable at Surat only. |
| • **General terms and conditions** | Bidders who wish to participate in this E-Tender will have to procure valid digital certificate as per information Technology Act.2000. Bidders can procure this certificate from any of the government approved certifying agency i.e.(n) code solution. Bidders shall upload the tender documents after submitting the DD details for Tender document, fee details online. The original demand drafts towards Tender document fee shall be submitted before the due date as specified above. This should be as per details given online and it should be drawn before last date of the uploading of the tender. the intending bidders shall have to submit the following documents along with the Tender document fees. The bidder should submit all the forms electronically only. | |
| • | DOWNLOAD OF TENDER DOCUMENT:<br>The tender documents for this work are available only in electronic format which can be downloaded free of the cost by the bidder. | |
| • | SUBMISSION OF TENDER:<br>Bidder shall submit their bid in electronic format on https://smc.nprocure.com website on or before the scheduled date and time as mentioned, after digitally signing the same. Bid in physical form will not be accepted and any such bid if received by AIC SURATi iLAB Foundation will be out rightly rejected. | |
| • | OPENING OF TENDER:<br>The Tender Bids will be opened on the specified date & venue. Bidders who wish to remain present at AIC SURATi iLAB Foundation office, at the time of tender opening can do so. Only one representative of each firm will be allowed to remain present. | |
| • **Information for online participation** | (a) Internet site address for e-Tendering activities will be https://smc.nprocure.com<br>(b) Interested bidders can view detailed tender notice and download tender document from the above mentioned website.<br>(c) Bidders who wish to participate in online tender have to register with the website through the " New User Registration" link provided on the homepage. Bidder will create login id & password of their own in registration process. | |

| | |
|---|---|
| | (d) Bidders who wish to participate in this tender need to procure Digital Certificate as per information Technology Act-2000 using that they can digitally sign their electronic bids. Bidders can procure the same from any of the CCA approved certifying agencies, or they may contact (n) code solution at below mentioned address and they will assist them in procuring the same. Bidders who already have a address and they will assist them in procuring the same. Bidders who already have a valid Digital Certificate need not to procure the same. In case bidders need any clarification regarding online participation, they can contact-<br>M/S (n) code solution<br>403, G.N.F.C. Info Tower,<br>S.G.Road, Bodakdev,<br>Ahmedabad 380054 India<br>Toll Free No.: 1800-419-4632<br>URL: https://smc.nprocure.com<br>(e) Bidders who wish to participate in e-Tender need to fill data in predefined forms of tender (Tender Document) fee, Technical Bid of tender i.e. (Technical) or Experience details only.<br>(f) Bidder should upload scan copies of reference documents in support of their eligibility of the bid.<br>(g) After filling data in predefined forms bidders need to click on final submission link to submit their encrypted bid.<br>(h) Bidder can also submit Tender Document Fees, Tender documents (Tender documents inclusive of corrigendum if any) & Reference Documents as instructed by tendering authority. |

Bidders have to submit price bid and Technical Bid online along with all necessary documents as per tender document requirement in Electronic format only on https://smc.nprocure.com website till the last date & time for submission.

The right to accept / receipt any or all bid(s) received is reserved without assigning any reason thereof.

**Managing Director**
**AIC SURATi iLAB Foundation**

**– : ટેન્ડર પરત કરાવવાનું સ્થળ :–**

**મુખ્ય હિસાબનીશશ્રી**
**હિસાબનીશશ્રીની કચેરી,**
**હિસાબીશાખા,**
**સુરત મહાનગરપાલિકા,**
**મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.**
**(ફકત રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી જ)**

ટેન્ડર ફી ની કિંમત : રૂા.૮૦૦/–(જી.એસ.ટી. સહિત)
(નોન રીફંડેબલ)

ઈ.એમ.ડી.ની રકમ : રૂા.૨૫૦૦/–

AIC SURATi iLAB Foundation
રાયકા સર્કલ , સુરત

**કામનું નામ :** ઉધના ઝોન વિસ્તારમાં રાયકા સર્કલ પાસે આવેલ AIC SURATi iLAB Foundation ખાતે હાઉસ કીપીંગનો ત્રણ વર્ષનો કોન્ટ્રાકટ આપવાનુ કામ.

**ટેન્ડર નોટીસ(ઓન લાઈન) નં.: MD/SURATi iLAB/03/2019-20**

## ટેકનીકલ બીડ (ઓનલાઈન)

| | | | |
|---|---|---|---|
| (૧) | ટેન્ડર ડોકયુમેન્ટસ ડાઉનલોડ કરવાની શરૂઆતની તારીખ | : | ૦૩/૦૧/૨૦૨૦ |
| (૨) | ટેન્ડર ડોકયુમેન્ટસ ડાઉનલોડ કરવાની અંતિમ તારીખ | : | ૧૭/૦૧/૨૦૨૦ |
| (૩) | ટેન્ડરના ઓન લાઈન સબમીશનની અંતિમ તારીખ | : | ૧૭/૦૧/૨૦૨૦ |
| (૪) | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. સબમીશનની અંતિમ તારીખ | : | ૨૪/૦૧/૨૦૨૦<br>સાંજે ૬:૦૦ કલાક સુધી |
| (૫) | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. સ્વીકારવાનું સ્થળ<br>(રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ,<br>ફકત પોસ્ટલ ઓથોરીટી ધ્વારા) | | મુખ્ય હિસાબનીશશ્રી,<br>મધ્યસ્થ હિસાબી શાખા,<br>સુરત મહાનગરપાલિકા,<br>મુગલીસરા, સુરત. |
| (૬) | ટેન્ડરરનું નામ | : | ........................................... |

AIC SURATi iLAB Foundation

રાયકા સર્કલ , સુરત

**કામનું નામ** : ઉધના ઝોન વિસ્તારમાં રાયકા સર્કલ પાસે આવેલ AIC SURATi iLAB Foundation ખાતે હાઉસ કીપીંગનો ત્રણ વર્ષનો કોન્ટ્રાકટ આપવાનુ કામ.

**ટેન્ડર નોટીસ (ઓન લાઈન) નં.**: **MD/SURATi iLAB/03/2019-20**

## ટેકનીકલ બીડ (ઓનલાઈન)

### અ નુ ક્ર મ ણિ કા


| પ્ર.નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧. | ટેન્ડર નોટીસ | ૦૪ |
| ૨. | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. પોસ્ટલ ઓથોરીટી મારફત મોકલવા સંદર્ભે અગત્યની સુચનાઓ | ૦૫ |
| ૩. | ટેન્ડર શરતો, ટેકનીકલ બીડ, ભાગ – ૧ | ૦૬ |
| ૪. | ટેન્ડરરનો પ્રોફાઈલ અને ટેન્ડર ચેક લીસ્ટ | ૧૫ |
| ૫. | ટેન્ડરર તરફે ફરજીયાત રજુ કરવા જોગ બાંહેધરી પત્રક | ૧૭ |
| ૬. | પ્રાઈઝ બીડ, ભાગ – ૨ | ૧૯ |

**AIC SURATi iLAB Foundation**
**Udhna, Surat**

e-Tender (Online) invitation Notice No. MD/SURATi iLAB/03/2019-20

Tenders are invited for following work, online on https://smc.nprocure.com from experienced contractors.

**Name of the work:** Invitation for providing House-keeping services at AIC SURATi iLAB Foundation at Rayka Circle, Udhna, Surat.
The detail tender notice will be made available on website www.suratmunicipal.gov.in and https://www.suratsmartcity.com

No.P.R.O. Managing Director
Date:- AIC SURATi iLAB Foundation

## <u>ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. પોસ્ટલ ઓથોરીટી મારફત મોકલવા સંદર્ભે અગત્યની સુચનાઓ</u>

આ કામના ટેન્ડરની  ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. નીચે જણાવેલ વિગતે રજુ કરવાના રહેશે.

**<u>મુખ્ય કવર</u> :**

આ કવરની અંદર ટેન્ડરના ટેકનીકલ બીડમાં માંગ્યા મુજબની ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. પેટે ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર/બેન્કર્સ ચેક (સંખ્યા–૨) તથા ટેન્ડરર તરફે ફરજીયાત રજુ કરવા જોગ બાંહેધરી પત્રક (ટેન્ડરર નાં લેટર હેડ ઉપર સહી સિક્કા સહીત સ્વપ્રમાણિત કરી) મૂળ નકલમાં રજુ કરી, આ કવરને સીલબંધ કરવાનું રહેશે તેમજ તેની ઉપર કામનું નામ, ટેન્ડર નોટીસ નંબર અને ઓનલાઈન સબમીશનની અંતિમ તારીખ સ્પષ્ટ રીતે જણાવી, તેની નીચે ટેન્ડરરનું નામ તથા સરનામુ જણાવવાના રહેશે. આ કવરમાં ટેન્ડર શરત મુજબની ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. ટેન્ડરર ધ્વારા રજુ નહીં કર્યેથી અને/અથવા ટેન્ડરર ધ્વારા વધારાની શરતો કે લખાણ રજુ કર્યેથી કે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે ભાવો દર્શાવ્યેથી ટેન્ડરના ટેકનીકલ બીડ આપોઆપ રદબાતલ થવાને પાત્ર ગણાશે અને ટેન્ડરના પ્રાઈસ બીડ ખોલ્યા સિવાય ટેન્ડરને દફતરે કરવામાં આવશે. જે અંગે ટેન્ડરર કોઈપણ પ્રકારની દલીલ કે તકરાર કરવાને હક્કદાર રહેશે નહી.

આ મુખ્ય કવરને નીચે જણાવેલ સરનામા ઉપર  રજી.પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ (ફકત પોસ્ટલ ઓથોરીટી) ધ્વારા નિયત સમયમર્યાદામાં મોકલી આપવાનું રહેશે.

મુખ્ય હિસાબનીશશ્રી,<br>
મધ્યસ્થ હિસાબી શાખા,<br>
સુરત મહાનગરપાલિકા,<br>
મુગલીસરા, સુરત

સમયમર્યાદા બાદ મળેલ કવરો સ્વીકારવામાં આવશે નહીં. ટપાલ ખાતા દ્વારા થયેલ વિલંબના કારણે અને/અથવા અન્ય કોઈપણ કારણોસર જો ઉપર જણાવ્યા મુજબનુ કવર નિયત સમય મર્યાદામાં સુરત મહાનગરપાલિકાને મળશે નહીં, તો તે અંગે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહીં.

**<u>અન્ય સુચનાઓ</u> :**

ટેન્ડરના ટેકનીકલ બીડ અને પ્રાઈસ બીડમાં માંગ્યા મુજબની સંપૂર્ણ વિગતો ઓન લાઈન જણાવવાની રહેશે/અપલોડ કરવાની રહેશે. ઓન લાઈન સબમીશન/અપલોડીંગની સાથે ટેન્ડરર પોતાની શરતોનું અલગથી એટેચમેન્ટ રજુ કરી શકશે નહીં. જેનો ભંગ થયેથી ટેન્ડર દફતરે કરવામાં આવશે.

ટેન્ડરના ટેકનીકલ બીડ અને પ્રાઈસ બીડ ફરજિયાતપણે ટેન્ડર નોટીસમાં દર્શાવ્યા મુજબની અધિકૃત વેબસાઈટ ઉપર નિયત તારીખ તથા સમય દરમ્યાન જ ઓન લાઈન સબમીટ કરવાના રહેશે/અપલોડ કરવાના રહેશે. હાર્ડ કોપી અને/અથવા અન્ય ભૌતિક સ્વરૂપે (ફીઝીકલ સબમીશન) રજુ કરેલ બીડ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.

મેનેજીંગ ડિરેકટર

ટેન્ડરરની સહી તથા સિક્કો — AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશન

# AIC SURATi iLAB Foundation
## રાયકા સર્કલ , સુરત

## ટેન્ડર નોટીસ નં. MD/SURATi iLAB/03/2019-20
## ઉધના ઝોન વિસ્તારમાં રાયકા સર્કલ પાસે આવેલ AIC SURATi iLAB Foundation ખાતે હાઉસ કીપીંગનો ત્રણ વર્ષનો કોન્ટ્રાકટ આપવાનુ કામ.

## <u>ભાગ–૧ ટેકનીકલ બીડ</u>

ઉધના ઝોન વિસ્તારમાં રાયકા સર્કલ પાસે આવેલ AIC SURATi iLAB Foundation ખાતે હાઉસકીપીંગના કામે મંગાવવામાં આવેલ ટેન્ડરની શરતો નીચે મુજબ છે.

(૧) સદર સંસ્થામાં ખાતાધિકારીની સુચના મુજબ સમગ્ર સંસ્થાના સંકુલની અંદર તથા બહારના પરીસરની સાફસફાઈને લગતી કામગીરી કરવાની રહેશે.

(૨) સદર કામે એક વર્ષ માટેના ભાવો તમામ ટેક્ષ સિવાય તેમજ મટીરીયલ, સાધનો, લેબર, તમામ પ્રકારનું ટ્રાન્સ્પોર્ટેશન વિગેરે સહિતના મંગાવવામાં આવે છે અને સંતોષકારક કામગીરી કર્યેથી વધુ બે વર્ષ માટે કોન્ટ્રાકટ ચાલુ રાખવામાં આવશે. ટેન્ડરમાં દર્શાવેલ રકમ જી.એસ.ટી. સહિતનું ચૂકવણું AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશન ધ્વારા કરવામાં આવશે.

(૩) (ક) સંસ્થામાં હાલમાં આવેલ ગ્રાઉન્ડ ફલોર, ફર્સ્ટ ફલોર, ઓડીટોરીયમ તેમજ સેકન્ડ ફલોર તેમજ ટેરેસ પર આવેલ તમામ ઓફિસ/કેબીન અને પેસેજની અંદરનું પરિસર તેમજ બહારના પરીસર તથા અન્ય તમામ ભાગનો કચરો કાઢી સફાઈ કરવાનું, પોતા કરવાનું અને જાળા કાઢવાનું કામ તેમજ સફાઈને લગતા અન્ય તમામ કામો કરવાના રહેશે, તેમજ સંસ્થાનાં સંકુલમાં આવેલ જુદા–જુદા જેન્ટસ/લેડીઝ ટોયલેટ બ્લોકસની અને પેન્ટ્રી એરીયાની પણ સાફ સફાઈ કરી સ્વચ્છતાની જાળવણી કરવાની રહેશે. સદરહુ કામ સિવાય અન્ય કામગીરી જો પ્રસંગોપાત વધારાની કામગીરી સોંપવામાં આવે તો તે વિનામુલ્યે કરી આપવાની રહેશે તથા સંસ્થાના સંકુલ ખાતે આયોજિત પ્રેઝન્ટેશન/મિટીંગ વિગેરે દરમ્યાન સાધન સામગ્રી લાવવા–લઈ જવાની/ખસેડવાની, શરૂ તથા પૂર્ણ થયા બાદ તરત જ તમામ સ્થળે સઘન સફાઈ તાકીદે હાથ ધરી પૂર્ણ કરવાની વિગેરે તથા ખાતાધિકારી સૂચવે તેવી અન્ય તમામ કામગીરીઓ કરવાની રહેશે.

(ખ) વધુમાં આકસ્મિક સંજોગો જેમ કે, પુર, આગ, ભુકંપ, વાવાઝોડુ વિગેરે દરમ્યાન વધારાની કામગીરી ઈજારદારે કરી આપવાની રહેશે જે માટે અલગથી ચુકવણું કરવામાં આવશે નહી.

(ગ) ઓડીટોરીયમનું કામકાજ કન્સ્ટ્રકશન હેઠળ હોય, સદર જગ્યાનું હાઉઝ કીપીંગનું બીલ બાદ કરી ચુકવવામાં આવશે. બાંધકામ પૂર્ણ થયેથી પુરુ બીલ ચુકવવામાં આવશે.

(૪) (ક) સંસ્થાના સંકુલ ખાતે તથા પરીસરમાં આવેલ તમામ ટોયલેટ, બાથરૂમ, ચોકડી, વોશ બેઝીન વિગેરેની સાફ–સફાઈ જંતુનાશક દવા, ફીનાઈલ, વિગેરે થી કરવાની રહેશે. જેમાં ઈજારદાર સ્ક્રબર, ડ્રાયર, હાઈ પ્રેસર વોટર બ્લાસ્ટર તથા અન્ય આધુનિક સાધનો, મટીરીયલ તથા જરૂરી એસેસરીઝ પોતાના ખર્ચે લાવવાના રહેશે.

(ખ) ઈજારદારે ઈલેકટ્રીકલ સાધનો સ્વખર્ચે ફરજિયાતપણે સંસ્થાના સંકુલ ખાતે રાખવા તથા વાપરવાના રહેશે.

(ગ) સંસ્થામાં ભવિષ્યમાં લોકાર્પિત થનાર ઈમારત/ગેલેરી/સવલતના હાઉસકિપીંગની કામગીરી સદરહુ ટેન્ડરની શરતો, ટેન્ડરમાં દર્શાવેલ વિસ્તાર તથા મંજુર થયેલ ભાવો તથા શરતો અનુસાર નવી ઉમેરાતી ઈમારત/ગેલેરી/સવલતના વિસ્તાર મુજબ કામદારો ઉમેરી કરવાની રહેશે .

(૫) સંકુલના બિલ્ડીંગમાં આવેલ તથા બહારના પરીસરના તમામ વ્યવસ્થાઓ એકઝીબીટસ તથા ફર્નીચરની સાફ–સફાઈ કરવાની રહેશે તથા વખતો વખત સંકુલમાં સામાન એક જગ્યાએથી લઈ બીજી જગ્યાએ લઈ જવા અને જે તે સ્થળે પરત લાવવાના રહેશે.

(૬) સંસ્થામાં આવેલ બારીઓના છજજા, પાર્કિંગવાળો વિસ્તાર, ટેરેસ, ગાર્ડન તથા ટાંકીઓની સાફ–સફાઈ કરવાની રહેશે, સંસ્થાના આંતરીક અને બાહ્ય પરિસરની સફાઈ અન્વયે એકત્રિત થયેલ ઘન કચરાનો પ્રવર્તમાન નિયમો/ધારાધોરણ મુજબ નિકાલ કરવાનો રહેશે, જે અંગે અલગથી ચુકવણું કરવામાં આવશે નહીં.

(૭) સાફ–સફાઈ માટે ઝાડું, પોતા, કલીનીંગ એજન્ટ જેવા કે ડીટર્જન્ટ પાવડર, ફિનાઈલ, ડામરની ગોળી, લીકવીડ ડીટરર્જન્ટ, બ્રશ, ડસ્ટર, વિગેરેની જોઈતા પ્રમાણમાં સગવડ, કોન્ટ્રાકટર ધ્વારા સ્વખર્ચે કરવાની રહેશે આ તમામ મટીરીયલ્સનો અનામત જથ્થો સંસ્થાના સંકુલ ખાતે જમા રાખવાનો રહેશે.

(૮) જો કોઈ સમયે સંસ્થાની ટાંકીમાં પાણી પુરૂ થઈ ગયું હોય તો અથવા ઈલેકટ્રીક સપ્લાય ચાલુ ન હોય તેવા પ્રસંગે ઈજારદારે ટોયલેટ, બાથરૂમો સહિતની તમામ પ્રકારની સફાઈ બહારથી પાણી લાવી સ્વખર્ચે કરવાની રહેશે.

(૯) સદરહુ કામે ટેન્ડરરે સંસ્થાની સફાઈ માટે પોતાના માસિક તથા વાર્ષિક ભાવો નિયત ટેન્ડર ફોર્મમાં આંકડા તથા શબ્દોમાં જણાવવાના રહેશે. જો આંકડા તથા શબ્દોમાં જણાવેલ ટેન્ડર રકમમાં કોઈ પ્રકારે વિસંગતતા માલમ પડશે તો તે સંજોગોમાં શબ્દોમાં જણાવેલ ટેન્ડર રકમ માન્ય રાખવામાં આવશે.

(૧૦) આ કામે ટેન્ડરરે અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે રૂા.૨,૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) ટેન્ડર ફોર્મના ટેકનીકલ બીડ સાથે જમા કરાવવાની રહેશે. ડી.ડી કે પે ઓર્ડર કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકનો **"AIC SURATi iLAB FOUNDATION"** ના નામનો જ હોવો જરૂરી છે. અર્નેસ્ટ મની ડીપોઝીટ વગરનું ટેન્ડર અથવા અધુરુ ટેન્ડર હશે તો ગણતરીમાં લેવામાં આવશે નહીં, જેની ટેન્ડરરે સ્પષ્ટ નોંધ લેવી.

(૧૧) જે ટેન્ડરરનું ટેન્ડર મંજુર થાય તે ટેન્ડરરે તેની કામગીરી વર્કઓર્ડરમાં દર્શાવેલ તારીખથી ફરજીયાતપણે શરૂ કરવાની રહેશે તથા વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૫માં વાર્ષિક ટેન્ડર રકમના ૫% મુજબની રકમ સીકયોરીટી ડિપોઝીટ પેટે રોકડાથી અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર/ચેક **"AIC SURATi iLAB FOUNDATION"** ના નામથી જમા કરાવવાની રહેશે તથા જો સમય મર્યાદામાં જમા નહીં કરાવવામાં આવશે તો વિલંબ પેટે પ્રતિદિન ૦.૦૬૫% પ્રમાણે દંડની રકમ પણ જમા કરાવવાની રહેશે અથવા ઈજારદારના પ્રથમ બીલમાંથી તે રકમ વસુલ લેવામાં આવશે. જો મંજુર થયેલ ટેન્ડર મુજબની કામગીરી ઉપરોકત સમય મર્યાદામાં શરૂ કરવામાં આવશે નહીં તો ઈજારો રદ કરી, અર્નેસ્ટ મની ડીપોઝીટ તથા ભરેલ સીકયોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. સીકયોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહીં.

(૧૨) જો કોઈ કિસ્સામાં ઈજારદાર તેની કામગીરી છોડી દેવા માંગતા હશે તો તે અંગે AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશનને દિન–૯૦ અગાઉ વિગતવાર કારણો સહિત લેખિત જાણ કરવાની રહેશે.

(૧૩) જો AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશન ઈજારદારની કામગીરી સંતોષકારક ન લાગે તેમજ નિયમિત સાફ–સફાઈ થતી જણાશે નહીં અથવા સૂચના મુજબની કામગીરીઓ કરવામાં ન આવે તથા તેનો વારંવાર ભંગ થશે તો તેવા સમયે કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર ઈજારદાર પાસે કામગીરી બંધ કરાવવામાં આવશે તથા કોન્ટ્રાકટર તરફથી કોઈપણ જાતની કોઈપણ તકરાર કે દર દાવો કરવામાં આવે તો તે રદબાતલ ગણાશે.

(૧૪) કોન્ટ્રાકટર મજકુરે સંસ્થાનાં સંકુલ તેમજ આંતરિક અને બાહ્ય પરીસર ખાતેની કામગીરીનો વિસ્તાર, કામગીરીનો પ્રકાર વિ. ધ્યાને લઈ આ તમામ વિસ્તાર, ઓફિસો વિગેરે દરરોજ સંપૂર્ણપણે સફાઈ થાય અને કામગીરીની અગત્યતાને ધ્યાને લઈ તે મુજબ ૧(એક) પુરૂષ સુપરવાઈઝર તથા ૪(ચાર) સફાઈ કામદાર કામે રાખવાના રહેશે. જે તે દિવસે પ્રેઝન્ટેશન/મીટીંગ/એકિઝબીશન તેમજ અન્ય આયોજિત

કાર્યક્રમ વિગેરેના સમયે ૧ પુરૂષ સુપરવાઈઝર તથા ૨ પુરૂષ સફાઈ કામદાર કામ પર ફરજીયાત હાજર રાખવાના રહેશે તથા ખાતાધિકારી જણાવે તેટલા સફાઈ કામદાર તથા જે તે સમયે ફરજિયાત પણે કામ પર હાજર રાખવાના રહેશે તથા જે અંગે વધારાનું ચૂકવણું કરવામાં આવશે નહીં. ચાલુ તેમજ રજાના દિવસે વર્કશોપ ઓડીટરીયમ, લેબ, કો–વર્કીંગ સ્પેસ વિગરેમાં કાર્યક્રમ હોય તો કાર્યક્રમના સમયે તથા પૂર્ણ થાય ત્યારે પણ સાફસફાઈ કરાવવાની રહેશે. વધુમાં ઈજારદારે સફાઈ માટે નીચે જણાવેલ સાધનોનો ઉપયોગ કરી સંસ્થાના સંકુલની સફાઈ કરવાની રહેશે.

| No. | Machine Type | Area | Qty |
|---|---|---|---|
| 1 | Auto Scrubber Dryer Pro Auto Scrub ES 50E model of Eureka Forbes, or other standard model of equivalent capacity | PE Carpet & Wooden Flooring | 1 |
| 2 | Commercial Wet & Dry Vacuum Cleaner PRO VAC WD 35 SS model of Eureka Forbes, or other standard model of equivalent capacity | Chairs & Multi Area | 1 |

(૧૫) સંસ્થાના બિલ્ડીંગમાં લોઅર / અપર ટેરેસનાં એરીયાની તથા બારીઓના છજજાની સાફ સફાઈ મહિનામાં એક વાર અચૂક કરવાની રહેશે.

(૧૬) ટેન્ડરમાં જણાવેલ એઆઈસી સુરતી આઈ લેબ ફાઉન્ડેશનમાં ગ્રાઉન્ડ ફલોર, પ્રથમ માળ અને બીજો માળ તથા તેના કેમ્પસમાં આવેલ તમામ કોમન પેસેજ તેમજ લોનવાળા ખુલ્લા ભાગમાં તથા પાર્કિંગમાં દિવસમાં બે વખત સાફ સફાઈ કરાવવાની રહેશે.

(૧૭) સંસ્થામાં બારીઓના કાચની સાફ સફાઈ અઠવાડીયામાં બે વખત કરવાની રહેશે.

(૧૮) સંસ્થા ખાતે આવેલ પાણીની ટાંકીઓ/વોટર કુલર ટૅંકની પ્રતિમાસ બે વખત યોગ્ય મટીરીયલ વાપરી સાફ કરવાની રહેશે તથા જરૂર જણાય ત્યારે વધુ વખત ખાતાધિકારી જણાવે તે મુજબ સફાઈ કરવાની રહેશે.

(૧૯) સંસ્થામાં ઉપલબ્ધ ટોયલેટ અને અન્ય સાકારિત થનાર ટોઈલેટ બ્લોકને નિયમિત રીતે દિવસના બે વખત યોગ્ય મટીરીયલ વાપરી સાફ કરવાના રહેશે તથા જરૂર જણાય ત્યારે વધુ વખત ખાતાધિકારી જણાવે તે મુજબ સફાઈ કરવાની રહેશે.

(૨૦) પેનલ્ટી :

(૧) ટેન્ડરમાં જણાવ્યા મુજબની સાફ–સફાઈ થશે નહીં અથવા તદન બિન સંતોષકારક સફાઈ થશે તો તે દરેક દિવસ માટે રૂા. ૨૫૦/– પ્રતિદિન લેખે દંડ કરવામાં આવશે અને તે કોન્ટ્રાકટરના માસિક બીલમાંથી કાપી લેવામાં આવશે અને સંસ્થા ખાતે પ્રેઝન્ટેશન/મીટીંગ/એકિઝબીશનના કિસ્સામાં ઈજારદાર ધ્વારા કાર્યક્રમ શરૂ થતા પહેલા તથા પૂર્ણ થઈ ગયા બાદ તરત જ સફાઈની કામગીરી હાથ ધરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં ન આવે તો તેવા કિસ્સામાં સંસ્થાના ખાતાકીય વડા ધ્વારા સૂચવ્યા મુજબની વધારાની પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

(૨) જો સતત દિન–૩ સુધી સાફ–સફાઈ કરવામાં આવશે નહીં તો પ્રથમ ૩ દિવસ સુધી રોજના રૂા. ૨૫૦/–લેખે અને ચોથા દિવસથી રૂા. ૫૦૦/– પ્રતિદિન લેખે દંડ વસુલ કરવામાં આવશે, તેમ છતાં ઈજારદાર ધ્વારા જો સતત દિન–૭ સુધી સાફ સફાઈ કરવામાં આવશે નહીં તો ઈજારો આપોઆપ રદ થવાને પાત્ર રહેશે જે અંગે ઈજારદાર તરફથી આપવામાં આવેલ કોઈ કારણો ગ્રાહય રાખવામાં આવશે નહીં.

(૩) તે જ પ્રકારે ટોયલેટ બ્લોક, બાથરૂમ, વોશ બેઝીન વિગેરેની સાફ–સફાઈમાં હાર્પિક, ફીનાઈલ, પાવડર, ડામરની ગોળી, ડી–ઓડરન્ટ, એર ફ્રેશનર વિગેરે વાપરવામાં આવશે નહીં તો અથવા તો પુરતા જથ્થામાં વાપરેલ નહી હોય તેમજ મુદા ૧૪માં દર્શાવેલ ઈલેકટ્રીક સાધનોનો વપરાશ કરેલ ન હોય તો તેવા કિસ્સામાં ઓછામાં ઓછા રૂા.૨૫૦/– પ્રતિદિન લેખે દંડ કોન્ટ્રાકટરના માસિક બીલમાંથી કાપી લેવામાં આવશે.

(૪) જો સુપરવાઈઝર પોતાની કામગીરી પર ન આવે તો પ્રતિદિન રૂા.૩૦૦/– લેખે તથા જો કામદારો પોતાની કામગીરી પર ન આવે તો પ્રતિદિન, પ્રતિ કામદાર રૂા. ૨૫૦/– લેખે પેનલ્ટી કાપી લેવામાં આવશે.

(૫) જો કોઈ સંજોગોમાં જે તે માસ દરમ્યાન ઈજારદારને થયેલ પેનલ્ટીની રકમ મંજુર માસિક રકમ કરતા વધી જાય તો તેવા કિસ્સામાં પેનલ્ટીની રકમ મંજુર માસિક રકમ સુધી જ સીમીત રહેશે.

(૬) ઉપરોકત કોઈ પણ બાબતે તકરારના સમયે ચેરમેનશ્રી, AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશનનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૨૧) ફરજ પરના સુપરવાઈઝરે/કોન્ટ્રાકટરે તમામ કામદારોની હાજરી સંસ્થા ખાતે રાખી રજીસ્ટર/હાજરી કાર્ડમાં હાજરી પુરવાની રહેશે તેમજ નિભાવવાની રહેશે. વખતોવખત સંસ્થાના કર્મચારીને ચકાસણી માટે રજુ કરવાના રહેશે.

(૨૨) કોન્ટ્રાકટર તરફથી જે માણસો કામે રોકવામાં આવે તે માણસોના પગાર ભથ્થા, રજા, વિગેરે કોઈપણ હક્ક, તેમને થયેલ ઈજા માટે AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશનની કોઈ જવાબદારી રહેશે નહીં તથા તેઓ AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશનના કર્મચારી કોઈપણ રીતે ગણાશે નહીં. આ અંગેની તમામ જવાબદારી ઈજારદારની રહેશે.

(૨૩) સંસ્થાના સંકુલમાં પ્રેઝન્ટેશન/મીટીંગ/કાર્યક્રમની તારીખ, સમય, વિગેરેની માહિતી ઈન્ચાર્જ પાસેથી મેળવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૨૪) કોન્ટ્રાકટર મજકુર ધ્વારા જે માણસોને કામે રાખવામાં આવે તેવા તમામ વ્યકિતઓના નામ સરનામાની તથા ટેલીફોન/ મોબાઈલ નંબર વિગેરેની યાદી ફોટોગ્રાફસ સાથે સંસ્થાના ખાતાધિકારીને આપવાની રહેશે. કામદારને ઈજારદાર તરફથી ઓળખપત્ર આપવાનું રહેશે જે તેણે ફરજિયાત સાથે રાખવાનું રહેશ તથા સેફટીના તમામ સાધનો આપવાના રહેશે જે ફરજિયાત વાપરવાના રહેશે, ઓળખપત્ર વિના કામદારોને પ્રવેશ આપવામાં આવશે નહીં.

(૨૫) કોન્ટ્રાકટર મજકુર ધ્વારા જે માણસોને રાખવામાં આવે તેઓને માસ દરમ્યાન પગાર, ભથ્થાં વિગેરે આપવામાં આવેલ હોય, તેનું માસિક પ્રમાણપત્ર સંસ્થાના અધિકારીને નિયત પત્રકમાં દર માસની પાંચ (૦૫) તારીખ સુધીમાં અચુક રજુ કરવાનું રહેશે. ત્યારબાદ જ બીલની ચૂકવણીની કાર્યવાહી કરવામાં આવશે.

(૨૬) દર માસે સાફ–સફાઈની કામગીરી સંતોષકારક રીતે થયેલ હોવાનું પ્રમાણપત્ર સંસ્થાના ખાતાધિકારી પાસેથી મેળવી કોન્ટ્રાકટરે માસિક બીલની સાથે રજુ કરવાનું રહેશે.

(૨૭) કોન્ટ્રાકટર સંસ્થાનાં સંકુલના કામે જે માણસોને રાખે, તેમણે રાજય સરકાર, કેન્દ્ર સરકાર તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાના તથા લેબર લોઝના તથા અન્ય લાગુ તમામ કાયદા અને નીતિ નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૮) કોન્ટ્રાકટર ધ્વારા જે વ્યકિતઓને આ કામ માટે રોકવામાં આવ્યા હોય, તેઓને કોઈપણ સંજોગોમાં લઘુત્તમ વેતનથી ઓછો પગાર આપી શકાશે નહિ તથા સરકારશ્રી ધ્વારા વખતોવખત જે વેતન સુધારો કરવામાં આવે તે મુજબ વેતન ચૂકવવાનું રહેશે અને તે બાબતેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૨૯) કામગીરી અંગે રોકવામાં આવેલ તમામ કામદારોને ચાલુ કામગીરી દરમ્યાન જો કોઈ અકસ્માત/ઈજા થાય તો તેની જવાબદારી AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશન ની રહેશે નહીં. ઈજારદારના સફાઈ કામદારોની બેદરકારીને કારણે જો સંસ્થાનાં સંકુલની સંપત્તિને કોઈપણ પ્રકારે નુકશાન થશે તો નુકશાનીની રકમ ઈજારદારના બીલમાંથી વસુલ લેવામાં આવશે.

(૩૦) કોઈપણ સંજોગોમાં બાળ કામદારો તથા વૃધ્ધો, અશકત, અપંગ કે ચેપી રોગથી પીડાતી વ્યકિતને કામે રાખી શકાશે નહીં.

(૩૧) ઈજારદારે ફરજીયાતપણે પ્રવર્તમાન કાયદા હેઠળ લેબર લાયસન્સ લેવાનું અને રજુ કરવાનું રહેશે. લેબર કાયદા અંગે ઉભી થનાર સંબંધિત તમામ જવાબદારી ઈજારદારની રહેશે.

(૩૨) સફળ ટેન્ડરરે વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૦ માં નીચે જણાવેલ વિગતે નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર લાવી AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશન સાથે કરારનામું કરવાનું રહેશે.

(ક) સીકયોરીટી ડીપોઝીટની રકમ રોકડેથી/ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર/ચેક દ્વારા જમા કરાવવાના કિસ્સામાં પ્રવર્તમાન કાયદા મુજબના મૂલ્ય વાળા સ્ટેમ્પ પેપર પર કરારનામું કરવાનું રહેશે તથા અંડરટેકીગ અને સ્યોરીટી આપવાના રહેશે.

(૩૩) ટેન્ડરરે નીચે જણાવેલ વિગતોની પૂર્તતા ફરજીયાત પણે ટેકનીકલ બીડ સાથે કરવાની રહેશે અન્યથા ટેન્ડરના પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે નહીં.

(ક) ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમનો રાષ્ટ્રીય કૃત બેંકનો ડ્રાફટ / પે ઓર્ડર.

(ખ) સુરત મહાનગરપાલિકામાં કરેલ અને હાલમાં ચાલતા કામોની વિગત.

(ગ) અન્ય સરકારી / ખાનગી એકમોમાં કરેલ અને હાલમાં ચાલતા કામોની વિગત.

(ઘ) ફોટોગ્રાફસ તથા નમુનાની સહી. (ભાગીદારી પેઢી હોય તો તમામ પાર્ટનરોના ફોટોગ્રાફસ અને સહી).

(ચ) રાષ્ટ્રીય / શીડયુલ બેંકનું ચાલુ નાણાકીય વર્ષનું સોલવન્સી સર્ટીફીકેટ (ટેન્ડર રકમના ૨૦ % લેખે)

(છ) વ્યકિતગત ટેન્ડરરના કિસ્સામાં રહેઠાણના પુરાવાની નકલ. (ટેલીફોન/મોબાઈલ નં. સહિત)

(જ) કંપની રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ / ભાગીદારી પેઢી હોય તો પાર્ટનરશીપ ડીડની નકલ.

(ઝ) ગુમાસ્તા લાઈસન્સ તથા લેબર લાયસન્સની હાલમાં અમલમાં હોય તેની નકલ.

(ટ) પાન કાર્ડ તથા GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ / સી.એ.નું પ્રમાણપત્ર.

(૩૪) સદર કામ અંગેની શરતોના અર્થઘટન બાબતે જો કોઈ પ્રશ્ન કે વિવાદ ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં ચેરમેનશ્રી, AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશન નો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. વધુમાં જો કોર્ટમાં દાવો દાખલ કરવાનો/ચલાવવાનો થાય તો તે ફકત સુરત જયુરીસ્ડીકશનને આધિન રહેશે.

(૩૫) આવેલ ટેન્ડર / તમામ ટેન્ડરો મંજુર કે નામંજુર કરવાનો તેમજ આખું ટેન્ડર અથવા ભાગ રૂપે ટેન્ડર મંજુર કરવાનો હક્ક સક્ષમ સત્તાનો અબાધિત રહેશે, જે અંગે કોઈપણ જાતના કારણો આપવામાં આવશે નહીં. તેમજ ટેન્ડરો ખોલ્યા બાદ આવેલ ભાવો બાબતે કોઈપણ પ્રકારનું નેગોશીએશન કરવામાં આવશે નહીં કે શરતી ટેન્ડરો માન્ય રાખવામાં આવશે નહીં.

(૩૬) શહેરમાં કરફ્યુ, રેલ, વાવાઝોડું અથવા અન્ય કુદરતી આફતોના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે તેવા કિસ્સામાં પેનલ્ટીની શરતો લાગુ પાડવામાં આવશે નહીં.

(૩૭) આ ટેન્ડરનો વેલીડીટી પીરીયડ પ્રાઈઝ બીડ ખોલ્યાની તારીખથી ૧૨૦ દિવસનો ગણવાનો રહેશે.

(૩૮) કોન્ટ્રાકટરને નક્કી કરેલ કોન્ટ્રાકટ મુજબની રકમ દર માસે બેંક પેમેન્ટ મારફત ચૂકવવામાં આવશે. જે માટે કોન્ટ્રાકટરે દર માસે તે અંગેના બીલની સાથે ખાતાધિકારીનું સંતોષકારક કામગીરી કર્યા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩૯) ખાતાધિકારી તરફથી વખતો વખત જો કોઈ અન્ય કામગીરી સુપ્રત કરવામાં આવે તો તે પણ કરવાની રહેશે.

(૪૦) ઈજારદારે આ પ્રકારના કામો કઈ કઈ જગ્યાએ કરેલ છે, હાલમાં ચાલુ છે તથા રાખવામાં આવેલ હાઉસકીપીંગની વિગતો અચુક રજુ કરવી. કરેલ કામોના અનુભવના સર્ટીફીકેટ પણ સાથે સામેલ કરવા.

(૪૧) ઉપરોકત શરતોમાં મેનેજીંગ ડિરેકટરશ્રી, AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશન યોગ્ય પ્રકારનાં ફેરફાર કરવા હકકદાર રહેશે. જે ઈજારદારને બંધનકર્તા રહેશે.

(૪૨) ઈજારદારે નિયમિતપણે સુચવ્યા મુજબ કામગીરી કરવાની રહેશે અને રોજેરોજ સંતોષકારક કામગીરી કર્યાની સંસ્થાના ખાતાધિકારીની સહી મેળવી લેવાની રહેશે. જે માટે ઈજારદારે રજીસ્ટર રાખવાનું રહેશે. જેના વગર પેમેન્ટ કરવામાં આવશે નહી.

(૪૩) ઈજારદારને સંતોષકારકપણે કામગીરી થયા બાદ યોગ્ય નમૂના મુજબ બીલ રજુ કર્યેથી પેમેન્ટ ચૂકવવામાં આવશે જેમાંથી નિયમોનુસાર આવકવેરો/ અન્ય વેરા કપાત કરવામાં આવશે.

(૪૪) ઈજારાની કામગીરીની કુલ સમયમર્યાદા ૩ (ત્રણ) વર્ષની રહેશે. આ ઈજારાની મુદત પ્રાથમિક તબકકે ૧ (એક) વર્ષની રહેશે. જે દરમ્યાન ઈજારદારની કામગીરી સંતોષકારક જણાશે તો ચેરમેનશ્રી, AIC SURATi iLAB Foundation તેઓની મુનસફી

અનુસાર વધુ ૨ (બે) વર્ષ માટે ઈજારાની મુદત લંબાવી આપવા અધિકૃત રહેશે. જે અન્વયે ઈજારદારને અગાઉના વર્ષના મંજુર માસિક ભાવોમાં કઈ વધારો આપવામાં આવશે નહીં.

(૪૫) ઈજારદાર તરફથી રાખવામાં આવેલ કામદારોની અત્રે રહેઠાણ માટેની વ્યવસ્થા થઈ શકશે નહીં.

(૪૬) ઈજારદાર તરફથી જે વ્યકિતઓને આ કામ સોંપવામાં આવે તેઓને માસ દરમ્યાન જે પગાર ભથ્થા વિગેરે આપવામાં આવે તેનું માસિક પગાર પત્રક અત્રેની કચેરીને રજુ કરવાનું રહેશે.

(૪૭) ઈજારદારે સીલબંધ ઈ. એમ. ડી. તથા ટેન્ડર ફીના (જુદા જુદા) પે–ઓર્ડર / ડીમાન્ડ ડ્રાફટ સહિત મુખ્ય હિસાબનીશશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫ ૦૦૩ ને તા. ૨૪/૦૧/૨૦૨૦ ના રોજ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં રજીસ્ટર એ.ડી. અથવા સ્પીડ પોસ્ટથી મળે તે રીતે મોકલવાના રહેશે. હાથોહાથ અથવા આંગડીયા મારફત કે અન્ય રીતે ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહીં. ઈ.એમ.ડી. તથા ટેન્ડર ફી વિના આવેલ ટેન્ડર રદબાતલ કરવામાં આવશે.

(૪૮) ભાવપત્રક ખોલ્યા પછી ઈજારદાર તરફથી ભાવ બાબતે કોઈપણ પ્રકારનું નેગોશીએશન કરવામાં આવશે નહીં.

(૪૯) ટર્મ્સ / કન્ડીશન / સ્પેશીફીકેશન કે અન્ય બાબતે કોઈપણ પ્રકારનો વાંધો ઉપસ્થિત થાય તો મેનેજીંગ ડીરેકટરશ્રી, AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશનનો અભિપ્રાય/નિર્ણય બંધનકર્તા રહેશે.

(૫૦) શરતી ટેન્ડર માન્ય કરવામાં આવશે નહીં.

(૫૧) ઈજારદારે ઈન્કમટેક્ષ પાન નંબર, જી.એસ.ટી. નંબર, વિગેરે લખવા જરૂરી છે.

(૫૨) AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશનના વિભાગીય વડાશ્રી/ખાતાધિકારીની સુચના મુજબ સંસ્થાના સંકુલની સફાઈ (હાઉસકીપીંગ)ની કામગીરી કરવાની રહેશે. સંસ્થાની મુલાકાતે દેશ/વિદેશથી મુલાકાતી આવતા હોય, સંસ્થાના સફાઈ (હાઉસકીપીંગ)ની કામગીરી સંસ્થાની પ્રતિષ્ઠાને અનુરૂપ કરવામાં આવે એવી અપેક્ષા આ કામના ઈજારદારો પાસેથી રાખવામાં આવે છે.

(૫૩) યોગ્યતા માપદંડ :

(અ) સદર કામે ભાવો આપનાર ટેન્ડરર ગુજરાત રાજયમાં કાર્યરત હોય તેવી સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓમાં છેલ્લાં ત્રણ વર્ષથી એટલે કે, ઓછામાં ઓછું તા.૦૧/૦૧/૨૦૧૬ થી આ પ્રકારના કામોના ક્ષેત્રમાં કાર્યરત હોવા જોઈએ અને તે મુજબનો અનુભવ પણ ધરાવતા હોવા જોઈએ.

(બ) આ પ્રકારના કામો એટલે, સરકારી / અર્ધસરકારી સંસ્થાઓમાં નિભાવ (હાઉસકીપીંગ)ની કામગીરી જેમ કે, કચેરી સુવિધા વ્યવસ્થાપન, ફર્નિચરની જાળવણી, વિદ્યુત/વિજાણુ ઉપકરણોની જાળવણી, જુદા–જુદા વિભાગોની રોજેરોજ સફાઈ વિગેરે કામગીરીનો સમાવેશ થાય છે. પરંતુ, બાગાયતી કામો, રોડ બ્રશીંગ/સ્ક્રેપીંગની કામગીરી, જાહેર સંસ્થાઓની નિભાવની કામગીરી સમકક્ષ ગણી શકાશે નહી અને આથી ઈતર કામોનો અનુભવ ધરાવતા હોય પરંતુ, સરકારી/અર્ધસરકારી કચેરીઓમાં સુવિધા વ્યવસ્થાપન કે નિભાવ (હાઉસકીપીંગ)ના કામનો અનુભવ ધરાવતા ન હોય તેવા ઈજારદારોને સદર કામ માટે યોગ્યતા પ્રાપ્ત ગણી શકાશે નહી.

(ક) આ પ્રકારના કામોના અનુભવના દસ્તાવેજી પુરાવારૂપે ટેન્ડરર ધ્વારા છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન એટલે કે, તા.૩૧/૧૨/૨૦૧૫ બાદ સરકારી/ અર્ધસરકારી સંસ્થાઓમાં આ પ્રકારના કરેલ/ચાલુ હોય તેવા કામનો સિંગલ વર્કઓર્ડર અને/અથવા તે કામગીરી સંતોષકારક રીતે પુર્ણ કરેલ હોવા બાબતના પ્રમાણપત્રની પ્રમાણિત કરેલ નકલ ફરજીયાતપણે ટેન્ડરના ટેકનીકલ બીડ સાથે રજુ કરવાની રહેશે અન્યથા ટેન્ડર રદબાતલ થવા પાત્ર રહેશે.

(૫૪) ઉપર દર્શાવેલ વિગતો ઉપરાંત નીચે દર્શાવેલ વિગતો પણ ટેન્ડરરે ટેન્ડરના ટેકનીકલ બીડ સાથે રજુ કરવાની રહેશે.

(અ) કંપની રજીસ્ટ્રેશન સર્ટીફિકેટસ / ભાગીદારી પેઢી હોય તો પાર્ટનરશીપ ડીડની નકલ.

(બ) લેબર લાઈસન્સ હાલમાં અમલમાં હોય તેની નકલ.

(૫૫) સંસ્થાના સફાઈ કામદારોની સેનેટરી માર્ટ મંડળીઓ/ સફાઈ કામદારોના હેલ્પ ગ્રુપો/ રેસીડેન્ટ વેલ્ફેર એસોસીએશન ધ્વારા ટેન્ડર રજુ કરવાના કિસ્સામાં તેઓ ધ્વારા ટેન્ડરની તમામ શરતો અને નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ ટેન્ડરમાં માંગ્યા મુજબના તમામ

ડોકયુમેન્ટસની પ્રમાણિત કરેલ નકલ ટેકનીકલ બીડ સાથે રજુ કરવાની રહેશે. ટેન્ડરની કોઈ શરત કે નિયમમાં મુકિત મેળવવા ઈચ્છતી મંડળી ધ્વારા મુકિત અંગે સક્ષમ સત્તાધિશશ્રી તરફથી જો કોઈ પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય તો તેની નકલ અથવા અન્ય દસ્તાવેજી પુરાવા રજુ કરવાના રહેશે.

(૫૬) ઈજારદારે મુદ્દા નં. ૧૪માં દર્શાવેલ તમામ ઈલેકટ્રીકલ સાધનો સ્વખર્ચે ફરજિયાતપણે સંસ્થાના સંકુલ ખાતે રાખવા તથા વાપરવાના રહેશે. તદઉપરાંત ઈજારદારને યોગ્ય જણાય તો અન્ય અદ્યતન યાંત્રિક ઉપકરણોનો સ્વખર્ચે ઉપયોગ કરી શકશે. જે અંગે અલાયદુ ચુકવણું કરવામાં આવશે નહી.

(૫૭) ઈજારદારની પ્રથમ એક વર્ષની સમયમર્યાદા પૂર્ણ થયેથી, તેઓ ધ્વારા જમા કરાવવામાં આવેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ AIC SURATi iLAB Foundation તરફે જો કોઈ વસુલાત કરવાની રહેતી હશે તો તે રકમ બાદ કરી, બાકી રકમ ઈજારદારને પરત કરવામાં આવશે. પરંતુ, ઈજારદારની સમયમર્યાદા લંબાવી આપવાના કિસ્સામાં ઉપરોકત સીકયુરીટી ડીપોઝીટની રકમ AIC SURATi iLAB Foundation ધ્વારા ઈજારદારને પરત ન કરતા, જમા ખાતે રાખવામાં આવશે. ઈજારદાર ધ્વારા જમા કરાવવામાં આવેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ તેઓનો ઈજારો પૂર્ણ થયેથી વસુલાતની રકમ (જો કોઈ હોય તો) બાદ કરી, બાકી રકમ પરત કરવામાં આવશે.

(૫૮) ઈજારદાર મજકુર ધ્વારા જે કામદારોને કામ પર રાખવામાં આવે તે તમામ કામદારોના નામ, સરનામા, આધાર કાર્ડની નકલ વિગેરેની નોંધ(ફોટોગ્રાફસ સહિત) રાખવાની રહેશે.

(૫૯) ઈજારદાર ધ્વારા જે માણસોને ઉકત કામે રાખવામાં આવે તેઓને દરેક માસના અંતે પગાર, ભથ્થા વિગેરેનું ચુકવણું કરવામાં આવેલ હોય, તેનું માસિક પત્રક અને પ્રમાણપત્ર ખાતાધિકારીશ્રી સમક્ષ નિયમિત રજુ કરવાનું રહેશે.

(૬૦) (અ) AIC SURATi iLAB Foundation ધ્વારા સફળ ઈજારદારને મંજુર ટેન્ડર દર મુજબની રકમનું પ્રથમ માસ માટે ચુકવણું કરવામાં આવશે. પરંતુ, તે અગાઉ સફળ ઈજારદાર ધ્વારા જરૂરી કરારનામાઓ અને સીકયુરીટી ડીપોઝીટની રકમ જમા કરાવવા સહિત આવશ્યક તમામ શરતોની પૂર્તતા કરવાની રહેશે.

(બ) AIC SURATi iLAB Foundation ધ્વારા સફળ ઈજારદારે અગાઉના માસની રકમનું ચુકવણું કરવામાં આવ્યા બાદ ઈજારદાર ધ્વારા તે રકમમાંથી પ્રર્વતમાન નિયમોની જોગવાઈઓ મુજબ પગાર, ભથ્થા વિગેરેની ચુકવણી પોતાના તમામ કર્મચારીઓને કરવાની રહેશે અને જે અંગેનું સ્ટેટમેન્ટ આગામી માસના બીલ સાથે રજુ કર્યેથી ઈજારદારને બાકીના માસના બીલોની ચુકવણી કરવામાં આવશે.

(ક) ઈજારદાર ધ્વારા ઉકત કામે રાખવામાં આવેલ કર્મચારીઓને લઘુત્તમ વેતન ધારાની જે તે સમયે અમલમાં હોય તેવી જોગવાઈઓ મુજબ વેતન ચુકવવાનું રહેશે. જેની સઘળી જવાબદારી ઈજારદારના પક્ષે રહેશે.

(૬૧) આ કામની ટેન્ડર શરતોમાં જરૂરી જણાયેથી ફેરફારો કરવા ચેરમેનશ્રી, AIC SURATi iLAB Foundation અધિકૃત રહેશે. જે ફેરફારો ઈજારદારને મંજુર તેમજ બંધનકર્તા રહેશે.

(૬૨) ટેન્ડર રજુ કરનાર ટેન્ડરર ધ્વારા પ્રોવિડન્ડ ફંડ એકટ, ૧૯૫૨ હેઠળ પોતાની સંસ્થા માટે જરૂરી કોડ નંબર મેળવવાના રહેશે તેમજ ઉકત કાયદામાં સમાવિષ્ટ જોગવાઈઓનું નિયમિત રીતે અને સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે.

(૬૩) સફળ ટેન્ડરરને કામની સોંપણી કરવામાં આવ્યા બાદ ટેન્ડરર ધ્વારા પ્રત્યેક માસના અંતે પોતાના બીલની સાથે નીચે દર્શાવ્યા મુજબના તુમારો પણ અચુક રજુ કરવાના રહેશે. તેમ કરવામાં નિષ્ફળ ગયેથી, બીલની ચુકવણી સ્થગિત થવાને પાત્ર રહેશે.

(ક) સફાઈ કામદારોનું હાજરીપત્રક

(ખ) સફાઈ કામદારોનું પગારપત્રક

(ગ) સફાઈ કામદારોના પગારની વિગત દર્શાવતા બેંક સ્ટેટમેન્ટની નકલ

(ઘ) પ્રોવિડન્ડ ફંડના નાણાં જમા કરાવ્યા બાબતના ચલણની પ્રમાણિત કરેલ નકલ

(ચ) વ્યવસાય વેરા નોંધણી (ઈ.સી. અને આર.સી.ના પ્રમાણપત્રની નકલ)

(છ) વ્યવસાય વેરા ભર્યા રસીદની નકલ

(જ) લઘુત્તમ વેતન ધારા મુજબ પગારની ચુકવણી કર્યા બાબતનું પ્રમાણપત્ર

(ઝ) સુરત મહાનગરપાલિકાના ધ્વારા અન્ય જે કોઈ ડોકયુમેન્ટસની જરૂરીયાત જણાય તેવા ડોકયુમેન્ટસ ઈજારદારને જાણ કર્યેથી દિન–રમાં પુરા પાડવાના રહેશે.

(૬૪) સદર કામે સફળ ઈજારદારને જે તે માસના અંતે ઉપર અ.નં.(૬૩)માં દર્શાવ્યા મુજબના તુમારો રજુ કર્યેથી મંજુર ટેન્ડર રકમ મુજબ માસિક દરની કુલ રકમમાંથી રીટેન્શન મની પેટે ૭% રકમ સહિત કુલ ૧૦% રકમ જમા રાખી, બાકી રકમનું ઈજારદારને ચુકવણું કરવામાં આવશે. ઉકત ચુકવણીમાંથી જે તે સમયે અમલમાં હોય તેવા કેન્દ્ર/રાજય સરકારશ્રી ધ્વારા વસુલ લેવામાં આવતા લાગત TDS, GST, કરવેરાની પરભારે કપાત કરવામાં આવશે. રીટેન્શન મની પેટે જમા રાખવામાં આવેલ રકમ પૈકી જો અન્ય કોઈ રકમની વસુલાત કરવાની રહેતી હશે, તો તે રકમ વસુલ લઈ, બાકી રકમની ચુકવણી કામ પૂર્ણ કર્યેથી ફાઈનલ બીલ પેટે કરવામાં આવશે.

**ટેન્ડરરની સહી તથા સિક્કો**

**મેનેજીંગ ડિરેકટર**
**AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશન**

# ટેન્ડર શરત નં.(૪૩) મુજબ બીલનો નમુનો

| | | |
|---|---|---|
| + | | |
| Address of the Contractor | | |
| Company Logo | Telephone No. :<br>E-Mail :<br>GSTIN : Of the Contractor | Original For Receipent |

## Tax Invoice

| | | |
|---|---|---|
| Invoice No. | | Transport Mode : |
| Invoice Date : | | Vehicle No. : |
| Reverse Charge (Y/N) : | N | Date Of Supply : (MB Bill Date, HOD/Exe.Engg. Sanctioned Date) |
| | | Place Of Supply : Surat (SMC Jurisdiction) |

| **Bill To Party** | | | **Ship To Party** | | |
|---|---|---|---|---|---|
| Name : AIC SURATI ILAB FOUNDATION | | | Name : AIC SURATI ILAB FOUNDATION | | |
| Regi.Address : 1st Floor, South Zone Office, Udhna | | | **Address : Department & Zone Name** | | |
| **GSTIN : 24ABACS1297B1ZP** | | | **GSTIN : 24ABACS1297B1ZP** | | |
| State : Gujarat | Code | 24 | State : Gujarat | Code | 24 |

| Sr. No. | Product Description | HSN Code | QTY | Rate | Amount | MB Differencce | Taxable Value | CGST | | SGST | | IGST | | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | Rate | Amount | Rate | Amount | Rate | Amount | |
| | As per MB Sr. No. | | | | | | | | | | | | | |
| | ______ of _____ | | | | | | | | | | | | | |
| | Zone ___________ | | | | | | | | | | | | | |
| | Page no. _________ | | | | | | | | | | | | | |
| | to ________ | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |
| | | **TOTAL** | | | | | | | | | | | | |

| **Total Invoice Amount in Words** | | **Total Amount Before Tax (Labour Cess & TDS To Be Deducted on this Amou** | |
|---|---|---|---|
| | | Add : CGST | |
| | | Add : SGST | |
| | | Add : IGST | |
| | | Total Amount After Tax | |
| **Bank Details** | | GST on Reverse Charge | |
| Bank A/c : | | Certified That the Particulars given above are true and correct | |
| Bank IFSC : | | **Name of the Contractor** | |
| Bank Name & Address: | | | |
| MICR Code | Common Seal | Authorised Signatory | |

## ટેન્ડરરનો પ્રોફાઈલ અને ટેન્ડર ચેક લીસ્ટ

| ક્રમ | વિગત | પૂર્તતા |
|---|---|---|
| ૧. | ટેન્ડર રજુ કરનાર વ્યકિત/સંસ્થાનું પુરું નામ તેમજ કચેરીનું પોસ્ટલ એડ્રેસ | નામ :– ..............................................<br>સરનામું :– ..........................................<br>..........................................<br>ટેલી.નંબર :– ........................................ |
| ૨. | સંસ્થા ધ્વારા ટેન્ડર રજુ કરવાના કિસ્સામાં સંસ્થાના જવાબદાર હોદ્દેદારનું પુરું નામ, તેઓના નિવાસ સ્થાનનું પોસ્ટલ એડ્રેસ તેમજ તેઓના મોબા. નંબર | નામ :– ..............................................<br>સરનામું :– ..........................................<br>..........................................<br>મોબા.નંબર :– ...................................... |
| ૩. | ટેન્ડર રજુ કરનાર વ્યકિત/સંસ્થાના જવાબદાર હોદ્દેદારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તેમજ નમુનાની સહી | ×................................. |
| ૪. | ટેન્ડર રજુ કરનાર વ્યકિત/સંસ્થાનો મુખ્ય વ્યવસાય(વિસ્તૃત વિગતો અલગથી રજુ કરવી) | |
| ૫. | કેટલા સમયથી આ વ્યવસાયમાં કાર્યરત છો? | વર્ષ .................... માસ .......................... |
| ૬. | ટેન્ડર રજુ કરનાર વ્યકિત/સંસ્થાના સંપર્ક સુત્રો | (અ) ટેલીફોન નંબર .................................<br>(બ) મોબાઈલ નંબર .................................<br>(ક) ફેક્ષ/ટેલેક્ષ નંબર .................................<br>(ડ) ઈ મેઈલ એડ્રેસ .................................<br>(ઇ) વેબસાઈટ (જો હોય તો) .......................... |
| ૭. | રજુ કરવામાં આવેલ બાનાની રકમની વિગત | રકમ રૂા............................<br>ડીમાન્ડ ડ્રાફટ / પે–ઓર્ડર નં..........................<br>ડીમાન્ડ ડ્રાફટ / પે–ઓર્ડર તા..........................<br>ઈસ્યુ કરનાર બેંક/શાખા...............................<br>................................<br>ઈસ્યુ કરનાર શાખાનો માઈકર નં..................... |

| ક્રમ | વિગત | પૂર્તતા |
|---|---|---|
| ૮. | બેંક સોલવન્સી સર્ટીફીકેટની વિગત | બેંકનું નામ .......................................<br>શાખા...............................................<br>રકમ રૂા...........................................<br>ઈસ્યુ કર્યા તા...................................... |
| ૯. | ટેન્ડર રજુ કરનાર સંસ્થા જો ભાગીદારી પેઢી, કંપની કે એસોસીએશન હોય તો તેવા કિસ્સામાં પાર્ટનરશીપ ડીડ, પાવર ઓફ એટર્ની કે બંધારણની વિગત (પ્રમાણિત નકલ રજુ કરવી) | (જગ્યા ઓછી જણાય તો અલગથી વિગતો જણાવવી) |
| ૧૦. | હાલમાં જે સંસ્થામાં ઈજારો ચાલુ હોય તેને માટે મેળવેલ કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળ કરવામાં આવેલ નોંધણીની વિગત | |
| ૧૧. | પ્રોવિડન્ટ ફંડ નંબર<br>(Employee Contribution) | |
| ૧૨. | પ્રોવિડન્ટ ફંડ નંબર<br>(Employer Contribution) | |
| ૧૩. | ઈ.એસ.આઈ. નંબર (ESIC) | |
| ૧૪. | જી.એસ.ટી. નંબર | |
| ૧૫. | જી.એસ.ટી. કલીયરન્સની વિગત | |
| ૧૬. | ઈન્કમટેક્ષ પરમેનેન્ટ એકાઉન્ટ નંબર (PAN) | |
| ૧૭. | ઈન્કમટેક્ષ કલીયરન્સની વિગત | |
| ૧૮. | ટેક્ષ ડીડકશન એકાઉન્ટ નંબર (TAN) | |
| ૧૯. | પ્રોફેશન ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર | |
| ૨૦. | ગુમાસ્તાધારા હેઠળ કરવામાં આવેલ નોંધણીની વિગત | |

ટેન્ડરરની સહી તથા સિક્કો

મેનેજીંગ ડિરેકટર
AIC સુરતી આઈ લેબ ફાઉન્ડેશન

AIC SURATi iLAB Foundation

**રાયકા સર્કલ , સુરત**

**<u>ટેન્ડરર તરફે ફરજીયાત રજુ કરવા જોગ બાંહેધરી પત્રક</u>**

**આથી, હું નીચે સહી કરનારશ્રી.............................................................. જાતના : ......................., ઉ.આ.વ. : ................, રહેવાસી : ............................ ................................................................................... અમારી સંસ્થા .................................................................. સરનામું : ......................... ......................................................................................................... તરફે બાંહેધરી આપુ છું કે, સુરત શહેરના ઉધના ઝોન વિસ્તારમાં રાયકા સર્કલ પાસે આવેલ** AIC SURATi iLAB Foundation **સંસ્થાનાં સંકુલના હાઉસકીપીંગ માટેના કામનો ત્રણ વર્ષનો ઈજારો રાખવા માટેની તમામ શરતો તેમજ** GST CLAUSE **મેં વાંચી, વંચાવી, સમજી, વિચારી, મેં મારી રાજીખુશીથી તથા અકકલ હોશિયારીથી, તન મનની સંપૂર્ણ સ્વસ્થ અને સાવધ અવસ્થામાં ટેન્ડરના ઓન લાઈન પ્રાઈસ બીડમાં ટેન્ડર રકમ જણાવેલ છે. ટેન્ડરમાં જણાવેલ તમામ શરતો મને તથા મારી સંસ્થા / તમામ ભાગીદારોને કબુલ, મંજુર અને બંધનકર્તા રહેશે તેમજ સંસ્થા સંકુલના નિભાવની કામગીરી કાર્યક્ષમ રીતે કરવાની અમો ખાત્રી આપીએ છીએ તથા** AIC SURATi iLAB Foundation **ના સક્ષમ સત્તાધિશશ્રી ધ્વારા વખતોવખત જે કોઈ સુચનાઓ કે આદેશો આપવામાં આવે તેનું પાલન કરવા અમો અત્રેથી લેખિત બાંહેધરી આપીએ છીએ.**

**ટેન્ડરરની સહી તથા સિક્કો**

**સ્થળ:**
**તારીખ:**

## GST CLAUSE FOR CONSTRUCTION/ERECTION/COMMISSIONING/ INSTALLATION/REPAIRS/MAINTENANCE/RENOVATION/ FABRICATION OF STRUCTURE INCLUDING BUILDING (MEANS ALL WORKS CONTRACT/TURN KEY PROJECTS/SUPPLY OF MATERIAL/GOODS)

GST (Goods & Service Tax) has come in existence from 1st July, 2017. Contractor / Successful Bidder is bound to pay any amount of GST prescribed by the Govt. of India as per the terms of contract agreed upon during the course of execution of this Contract.

During the course of execution of Contract , if there is any change in Rate of GST (Goods & Service Tax) by the Government, the same shall be reimbursed / recovered separately by SMC , subject to the submission of Original Receipt / Proof for the amounts actually remitted by the Successful Tenderer / Contractor to the competent Authority along with a Certificate from Chartered Accountant of Contractor /Successful Bidder certifying that the amount of GST paid to the Government and the same shall be intimated / submitted / claimed within 30 (Thirty) Days form the date of payment. Remittance of GST within stipulated period shall be the sole responsibility of the Successful Bidder / Contractor , failing which , SMC may recover the amount due , from any other payable dues with SMC and decision of Municipal Commissioner shall be final and binding on the Contractor / Successful Bidder in this regard. Further, the non-payment of GST to the Government may lead to the termination of contract and forfeiture of Security Deposit / Performance Guarantee Amount.

If imposition of any other new Taxes / Duties / Levies / Cess or any other incidentals etc. or any increase in the existing Taxes / Duties / Levies / Cess or any other incidentals etc. (Excluding GST) are imposed during the course of the contract , the same shall be borne by the Contractor /Successful Bidder only, in no case SMC shall be liable for the same.

I acknowledge that I have read and agree to the above Terms and Conditions

Signed, & seal of tenderer

Place :
Date :

AIC SURATi iLAB Foundation

રાયકા સર્કલ , સુરત

## ટેન્ડર નોટીસ નં. MD/SURATi iLAB/03/2019-20

## ઉધના ઝોન વિસ્તારમાં રાયકા સર્કલ પાસે આવેલ AIC SURATi iLAB Foundation ખાતે હાઉસ કીપીંગનો ત્રણ વર્ષનો કોન્ટ્રાકટ આપવાનુ કામ.

## ભાગ–૨ પ્રાઈઝ બીડ

પ્રતિ,
મેનેજીંગ ડીરેકટરશ્રી,
AIC SURATi iLAB Foundation,
સુરત.

મે.સાહેબ,

સવિનય જણાવવાનું કે, સંસ્થાના સંકુલના હાઉસકીપીંગનો ત્રણ વર્ષ માટેનો કોન્ટ્રાકટ અમો નીચે સહી કરનાર રાખવા માંગીએ છીએ. આ માટેની અમારી ટેન્ડર રકમ નીચે મુજબ છે.

| Sr.No. | Detail of Work | Monthly Rate Exclusive of GST (In Rs.) | Yearly Rate Exclusive of GST (In Rs.) |
|---|---|---|---|
| 1. | Invitation for providing House keeping services to AIC SURATi iLAB Foundation | (To be filled Online) | (To be filled Online) |

આ કોન્ટ્રાકટ અંગેના નીતિ–નિયમોનું પત્રક અમે વાંચ્યું છે. જે અમોને કબુલ મંજુર અને બંધનકર્તા છે. અમારી સંસ્થાની વિગતો નીચે મુજબ છે.

૧. સંસ્થા /વ્યકિતનું પુરૂ નામ :

૨. સરનામું :

૩. ટેલીફોન નંબર / મોબાઈલ નંબર :

૪. જો ભાગીદાર પેઢી/કંપની કે એસોસીએશન હોય તો તેના ભાગીદારો કે કર્તાના નામ અને સરનામા (ભાગીદારી ડીડ અથવા બંધારણની નકલ બીડવી) :

૫. સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ (વ્યકિત હોય તો હાલનો ધંધો કે વ્યવસાય) :

૬. અન્ય વિગતો :

તારીખઃ–

ટેન્ડરરની સહી અને સિક્કો